# ટેક્નોલોજી ફેકલ્ટીના ટીચર્સ ફોરમે વિશ્વેશ્વર રાયને દિવસ અર્પણ કર્યો

## એન્જિનિયર્સ ડેની અનોખી રીતે ઉજવણી કરી

એજ્યુકેશન રિપોર્ટર | વડોદરા



ટેકનોલોજી ટીચર્સ ફોરમ દ્વારા એન્જિનિયર્સ ડે 2022, એન્જિનિયર્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. દર વર્ષે ભારત મહાન ઈજનેર મોક્ષગુંડમ વિશ્વેશ્વરાયની સિદ્ધિઓને ઓળખવા અને તેનું સન્માન કરવા માટે 15 સપ્ટેમ્બરે રાષ્ટ્રીય ઈજનેર દિવસની ઉજવણી કરે છે. ભારતની સાથે, વિશ્વેશ્વરાયના મહાન કાર્યોને શ્રીલંકા અને તાંઝાનિયામાં પણ 15 સપ્ટેમ્બરે એન્જિનિયર ડે તરીકે ઉજવવામાં આવે છે.

15 સપ્ટેમ્બર, 1861ના રોજ કર્ણાટકના મુદ્દેનાહલ્લી ગામમાં જન્મેલા વિશ્વેશ્વરાયે તેમનું શાળાકીય શિક્ષણ તેમના વતનમાં પૂર્ણ કર્યું અને બાદમાં મદ્રાસ યુનિમાં બેચલર ઓફ આર્ટસનો અભ્યાસ કરવા ગયા. તે પછી તેમણે પુણેની કોલેજ ઓફ સાયન્સમાં સિવિલ એન્જિનિયરિંગમાં ડિપ્લોમા કર્યો.

તેમણે ઘણા જટિલ પ્રોજેક્ટ હાથ ધર્યા અને નોંધપાત્ર માળખાકીય પરિણામો આપ્યા હતા. કલાભવન ખાતે એમ વિશ્વેશરાયની મૂર્તિને ટેકનોલજીના ડીન, સિનિયર પ્રોફેસર, સેનેટ મેમ્બર, તથા શિક્ષકો દ્વારા ફૂલ અર્પણ કરી વંદન કર્યા હતા.